NO.FRC/RJT-79-80 /PRO/2017-18/252-253

# ફી નિયમન સમિતિ
# રાજકોટ ઝોન – રાજકોટ
# તા. ૧૯–૧૦–૨૦૧૮

**શ્રી સ્વામિનારાયણ વિદ્યાપીઠ**
રાજકોટ–પોરબંદર હાઈવે,
મું.ફરેણી તા.ધોરાજી જિ. રાજકોટ

## નિર્ણય

શાળાની દરખાસ્તની સુનાવણી અને શાળાની ફીનો નિર્ણય કમિટીના અધ્યક્ષશ્રી તથા સભ્યો-સંચાલક મંડળ ના પ્રતિનિધિ શ્રી ડી.વી.મહેતા,સીવીલ એન્જીનીયર શ્રી ડી.ડી.છનીયારા,શિક્ષણશાસ્ત્રી શ્રી એમ.વી.નાગાણી તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી હિતેશભાઈ શાહ કમિટિ એ શાળાને સાંભળીને લીધેલ છે.

શ્રી સહજાનંદ સંસ્કારધામ ટ્રસ્ટ સંચાલિત આ શાળા ૨૦૧૬ થી શરૂ થયેલ છે.શાળામાં પ્રિ–પ્રાયમરી તથા માધ્યમિક વર્ગોનું શિક્ષણ આપવામાં આવે છે.માધયમિક વર્ગો ૨૦૧૭–૧૮ ની સાલથી શરૂ થયેલ છે.શાળામાં પ્રાયમરી વર્ગો સાથે પ્રિ–પ્રાયમરી વર્ગોનું પણ શિક્ષણ આપવામા આવે છે.શાળા મ્ર અંગ્રજી માધ્યમમાં સી.બી.એસ.સી.ના અભ્યાસક્રમ મુજબ ચાલે છે.શાળાએ ફી નિર્ધારણ માટે બે દરખાસ્ત અરજી કરેલ છે. હઆ કોમન હુકમથી શાળાની બંન્ને દરખાસ્ત અરજીનો એકસાથે નીકાલ કરેલ છે.

શાળાએ દરખાસ્તના સમર્થનમાં જરૂરી હિસાબો તથા પત્રકો રજુ રાખેલ છે.

૨૦૧૫–૧૬ જી સાલમા શાળા શરૂ થયેલ ન હતી.શાળાની ૨૦૧૭–૧૮ તથા તે પછીના વર્ષોની સુચિત ફી નીચે મુજબ છે.

| STD | 2016-17 | 2017-18 PROPOSED | 2018-19 PROPOSED |
|---|---|---|---|
| PRI PRIMARY | 29000 | 30000 | 30000 |
| 1 | 26000 | 32000 | 60000 |
| 2 | 26000 | 36000 | 60000 |
| 3 | 26000 | 40000 | 60000 |
| 4 | 41000 | 44000 | 60000 |
| 5 | 41000 | 50000 | 60000 |
| 6 | 41000 | 54000 | 70000 |
| 7 | 41000 | 58000 | 70000 |
| 8 | 41000 | 62000 | 70000 |
| 9-10 | - | 66000 | 70000 |

દરખાસ્ત સબંધે શાળાને સાંભળવામાં આવેલ.

સુનાવણીના સમયે શાળાના સાધુમહારાજશ્રી,એકાઉન્ટન્ટ કલાર્ક તથા છેલ્લે સુનાવણીના સમયે શાળાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટશ્રી પણ હાજર રહેલ.

શાળાના હિસાબો જોતા શાળાની ૨૦૧૬–૧૭ ની સાલમાં કુલ ફીની આવક રૂ.૮૩૮૬૮૮૫ થયેલ જયારે કુલ ખર્ચ રૂ.૮૪૮૮૨૮૭ નો હતો.તે રીતે ૨૦૧૬–૧૭ ની સાલમા રૂ.૫૪૦૯૮ ની ખોટ શાળાને રહેલ.૨૦૧૭–૧૮ ની સાલમાં શાળાની ફીની આવક વધીને રૂ.૧૩૯૦૦૬૦૦ થયેલ જયારે શાળાને કુલ ખર્ચ રૂ.૧,૩૯૧૯૨૭૫ થયેલ તેવી શાળાની રજૂઆત છે.

શાળાના ૨૦૧૬–૧૭ ની સાલમા કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૨૬૭ હતી. વિશેષ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રિ–પ્રાયમરી વર્ગોમા(૧૬૧) છે.શાળાના હિસાબોમાં નોધપાત્ર જણાય તેવો ખર્ચ પ્રવાસ ખર્ચ(૮ લાખ),બ્રેકફાસ્ટ ખર્ચ તથા બૂકસ અને સ્ટેશનરીનો ખર્ચ છે.પ્રવાસ સબંધે શાળા દવારા સ્પષ્ટતા કરવામા આવેલ કે,વિદ્યાર્થીઓને જુદા–જુદા સ્વામિનારાયણ મંદિરોના દર્શન અર્થે લઈ જવામા આવે છે આ માટે છેલ્લે સુરત લઈ ગયેલ તથા ગુજરાતના વિવિધ શહેરોમાં લઈ જવામા આવે છે.બ્રેકફાસ્ટ ખર્ચ સબંધે શાળાએ સ્પષ્ટતા કરેલ કે,માત્ર પ્રિ–પ્રાયમરીના બાળકોને તે

FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT સત્યમેવ જયતે

NO.FRC/RJT-79-80 /PRO/2017-18/252-253

આપવામા આવે છે.બૂકસ, વગેરે શાળા આપી શકતી નથી.તે અંગે શાળાનું ધ્યાન દોરવામા આવેલ.શાળા તરફથી બૂકસ વગેરે આપવાનું બંધ કરવા શાળા દવારા જાહેરાત કરવામા આવેલ.

ટ્રસ્ટ સંચાલિત આ શાળાના હિસાબોમા દાનની રકમ જણાવાયેલ છે તે સબંધે શાળાને સ્પષ્ટતા પૂછતા શાળાનું કથન છે કે શિક્ષણના હેતુથી શાળાને દાન મળતુ નથી.નાની મોટી રકમનું દાન અન્ય હેતુ અને વપરાશ માટે મળે છે. .સમિતિને દાનની રકમ સબંધે શાળા દવારા કરાયેલ સ્પષ્ટતા સંતોષકારક જણાયેલ.હિસાબોમા અન્ય કોઈ વાંધાજનક એન્ટ્રી કે વિગત જણાયેલ નથી.

શાળાના હિસાબો સિવાય ધ્યાનખેંચે તેવી હકીકત એ છે કે ૨૦૧૬–૧૭ ની સાલમા શાળા શરૂ થયેલ. તે પછી ૨૦૧૭–૧૮ ની સાલમા ફીના માળખું વિસ્તારી શાળાએ ઘણી ઉંચી ફી વસૂલ લીધેલ.સમિતિના અભિપ્રાય મુજબ આ વધારો દેખિતિ રીતે ગેરવાજબી છે.ભાવ વધારાને કારણે શાળાને સહન કરવો પડતો આર્થિક બોજો ધ્યાનમા લઈએ તો આશરે ૧૦% થી વધુ ફીમા વધારો થવો જોઈએ નહી.૨૦૧૭–૧૮ ના વર્ષ માટેના શાળાએ તૈયાર કરેલા ફીના માળખામા હસ્તક્ષેપ કરવો જરૂરી છે.

સુનાવણીના અંતે સમિતિના નીચે મુજબ ફી ૨૦૧૭–૧૮,૨૦૧૮–૧૯ તથા ૨૦૧૯–૨૦ ના વર્ષોની નિર્ણિત કરવાનો નિર્ણય લીધેલ.

| STD | 2017-18 APPROVED BY FRC | 2018-19 APPROVED BY FRC | 2019-20 APPROVED BY FRC |
|---|---|---|---|
| 1-5 | 31000 | 33000 | 36000 |
| 6-8 | 46000 | 50000 | 55000 |
| 9-10 | 50000 | 55000 | 60000 |

**ઉપર મુજબની ફી નિર્ણિત થાય તે માટે શાળાએ લેખિત સંમતિ આપેલ છે.**

ઉપર નોંધ્યુ તેમ શાળાએ ૨૦૧૭–૧૮ ના વર્ષમાં ઘણી ઉંચી ફી વસૂલ લીધેલ હોય **૨૦૧૮–૧૯ ના વર્ષ માટે ખરેખર વસૂલ લેવાની થતી ફી નીચે મુજબ રહેશે.**

| STD | APPROVED BY FRC 2017-18 | ACTUAL COLLECTED 2017-18 | APPROVED BY FRC 2018-19 | EXCESS OF 2017-18 TO BE ADJUSTED IN 2018-19 | TO BE TAKEN 2018-19 |
|---|---|---|---|---|---|
| 1 | 31000 | 32000 | 33000 | 1000 | 32000 |
| 2 | 31000 | 36000 | 33000 | 5000 | 28000 |
| 3 | 31000 | 40000 | 33000 | 9000 | 24000 |
| 4 | 31000 | 44000 | 33000 | 13000 | 20000 |
| 5 | 31000 | 50000 | 33000 | 19000 | 14000 |
| 6 | 46000 | 54000 | 50000 | 8000 | 42000 |
| 7 | 46000 | 58000 | 50000 | 12000 | 38000 |
| 8 | 46000 | 62000 | 50000 | 16000 | 34000 |
| 9-10 | 50000 | 66000 | 55000 | 16000 | 39000 |

**સમિતિએ ઉપર મુજબ ૨૦૧૭–૧૮ થી ૨૦૧૯–૨૦ ના વર્ષોની ફી નકકી કરેલ છે. તેની પુરતી જાહેરાત કાયદાનુસાર શાળાએ કરવાની રહેશે.જેથી વાલીઓને ફી નકકી કરયાની જાણ થાય.**

આ નિયત કરેલ ફી સબંધે સ્પષ્ટતા કે,આ ફી નામદાર સુપ્રિમ કોર્ટના આખરી હુકમને આધીન રહેશે.

આ હુકમથી જો તમે નારાજ હોય તો આ હુકમ તમોને મળ્યેથી દીવસ ૨૧ માં ફી રીવીઝન કમિટિ પ્રથમ માળ S.T.T.I.-G.C.E.R.T.S. કેમ્પસ સેકટર–૧૨,ગાંધીનગર રીવીઝન કરી શકાશે.

**અધ્યક્ષ**
**ફી નિયમન સમિતિ–રાજકોટ ઝોન**
**ન્યાયાધીશ ગુજરાત હાઈકોર્ટ(નિવૃત)**